# વિશ્વવિહાર

વર્ષ : 16 * અંક : 8 * મે 2014 * કિં રૂ. * 10



ગુજરાતી વિશ્વકોશના પ્રણેતા, સાહિત્યકાર અને વિવેચક શ્રી ધીરુભાઈ ઠાકરને
મળેલો પદ્મભૂષણનો ખિતાબ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી પાસેથી સ્વીકારતા શ્રી નીતિન શુક્લ



મંગળ પર ઉતરાણની પૂર્વ તૈયારી (પૃ. ૧૦)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

**છૂટ કિંમત રૂ. ૧૦/-, વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-**

લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ.ઓ.થી જ મોકલવું.

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# અનન્ય ચૂંટણીપંચ

ભારતની બંધારણીય સંસ્થાઓમાંની એક નોંધપાત્ર સંસ્થા છે ચૂંટણીપંચ. ચૂંટણીઓ લોકશાહીમાં આમજનતાનું પર્વ છે. ચૂંટણીપંચના સ્વરૂપની સ્પષ્ટતા અંગે બંધારણે પ્રારંભથી જ વિશેષ કાળજી લીધી છે અને તેને અદાલતની સમકક્ષનું રક્ષાકવચ પૂરું પાડવામાં આવ્યું છે. જેથી તે કોઈ પણ પ્રકારનાં રાજકીય દબાણોથી દૂર રહી શકે. ૧૯૯૩થી વધારાના બે ચૂંટણી-કમિશનરોની નિમણૂક પદ્ધતિનો આરંભ થયો. તેઓ છ વર્ષની મુદત અથવા ૬૫ વર્ષની વયમર્યાદાને આધીન રહી સેવારત હોય છે. રાજ્ય કક્ષાના મુખ્ય ચૂંટણી અધિકારી ભારતના ચૂંટણીપંચના સહકાર અને સલાહ અનુસાર કાર્યરત રહીને નિષ્પક્ષ અને તટસ્થ કાર્યવાહીને સમર્થન પૂરું પાડે છે.

દર પાંચ વર્ષે યોજાતી સામાન્ય ચૂંટણી છતાં પંચ સતત કામગીરીમાં વ્યસ્ત હોય છે. મતદારયાદીઓ તૈયાર કરવી, ચૂંટણી, આચારસંહિતા, તેનું સાતત્યપૂર્ણ નિરીક્ષણ, ચૂંટણી હિસાબોની તપાસ, મતદાનમથકોની રચના-રક્ષણ-સંચાલન, ઉમેદવારી અંગેનાં કાર્યોનો ઘટાટોપ, વિધાનસભાની ચૂંટણીઓ અને મતગણતરી જેવાં કાર્યો તેને વ્યસ્તતા પૂરી પાડે છે. વધુમાં વચગાળાની તેમજ વિવિધ કારણોસર ખાલી પડેલી બેઠકો પરની ચૂંટણીઓ તેની વ્યસ્તતામાં ઉમેરો કરે છે. દેશની વધતી વસ્તીથી દિનપ્રતિદિન વધતા નવા મતદારો તેના કામનું ફલક સતત વિસ્તારે છે. આવાં અનેકવિધ કામો વચ્ચે કાશ્મીરથી કન્યાકુમારી અને કૉલકાતાથી કચ્છ સુધી તેનાં કાર્યો અવિરત ચાલે છે. ૧૯૮૯માં મતાધિકાર માટેની પુખ્તવય ૨૧ વર્ષથી ઘટાડીને ૧૮ વર્ષની કરવામાં આવી ત્યારે પંચના કામનું ભારણ એકાએક વધતી જતાં તે જ વર્ષે વધારાના બે ચૂંટણી-કમિશનરોની વ્યવસ્થા ઉમેરાઈ. ત્યારબાદ થોડો સમય જાન્યુઆરી, ૧૯૯૦માં ફરી તેને પુનર્જીવિત કરાયા અને ચૂંટણી-કમિશનરોની ત્રિમૂર્તિ સક્રિય બની.

૧૯૯૦ સુધી પંચની કાર્યવાહી કેટલાંક વિઘ્નો સમેત ચાલી. પરંતુ આ જ વર્ષે ટી. એન. શેષાન ચૂંટણી-કમિશનર બનતાં તેમની ચૂંટણી સક્રિયતાએ પ્રારંભિક વિવાદ છતાં પંચને કાર્યલક્ષિતાની ચોક્કસ દિશા પૂરી પાડી. તદ્‌નુસાર ૨૦૦૨થી ચૂંટણી માટેની કડક આચારસંહિતા અમલી બનતાં પંચ નિષ્પક્ષ અને તટસ્થ વર્તન અંગે ધ્યેયલક્ષી બન્યું.

ચૂંટણી સમયે વપરાતી અવિલોપ્ય (ન ભૂંસી શકાય તેવી) શાહી કમાલની ચીજ છે. પ્રત્યેક મતદાર માટેનું આ ગૌરવ ચિહ્‌ન ફોટો સેન્સિટિવ છે એટલે કે તેને ભૂંસવા છતાં તે તુરત ફરી ઊપસી આવે છે. માત્ર ૬૦ સેકંડમાં સુકાતી, દિવસો સુધી ટકી રહેતી, ડાબા હાથની તર્જની(index finger)ના નખ અને ત્વચા પરની નાની લીટી (૧ ફેબ્રુઆરી, ૨૦૦૬થી) સ્વરૂપે નિશાન છોડતી શાહીની રાસાયણિક ફૉર્મ્યુલા 'નૅશનલ ફિઝિકલ લૅબોરેટરી' દ્વારા તૈયાર કરાયેલી છે, જે ગુપ્ત રાખવામાં આવે છે. જાહેરમાં વેચાણ પર પ્રતિબંધ ધરાવતી આ શાહી કર્ણાટક સરકાર હસ્તકની મૈસૂર પેઇન્ટ્સ અને વાર્નિસ લિમિટેડની પેદાશ છે. વિશ્વના ૨૬ દેશોમાં તેની નિકાસ થાય છે. તેનો બગાડ અટકાવવા એક મતદાન મથકને અનુરૂપ પૅકિંગમાં જ તે ઉપલબ્ધ હોય છે. શાહીની અવિલોપ્યતા વિરુદ્ધના પડકારો બોદા સાબિત કરીને પંચ અણનમ રહ્યું છે.

૨૦૦૯ સુધી દેશની પંદર સામાન્ય ચૂંટણીઓમાં સરેરાશ ૫૮ ટકા મતદાન થયું છે. ૫૧-૫૨ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં તે માંડ ૪૫ ટકાનો આંક ધરાવતું હતું; પરંતુ ૨૦૧૪ની સોળમી સામાન્ય ચૂંટણીમાં અત્યાર સુધી મતદાન શૈલીની તરાહ જોતાં તે આંક ૬૫ ટકાથી ઊંચે હોવાનો સંભવ છે. ૨૦૦૯ની તુલનાએ આ ૨૦૧૪ની ચૂંટણીમાં ૧૦ કરોડથી વધુ મતદાતાઓ ઉમેરાયા છે. મતદારોને મતદાન મથક સુધી લઈ આવવા માટેનાં પ્રેરક પરિબળો ઘણાં હોવા છતાં પંચની સક્રિય કામગીરીની ભૂમિકા તેમાં ઘણી મોટી છે એ અંગે ઝાઝો વિવાદ નથી. ગુજરાતના બાણેજમાં માત્ર એક મતદાતા માટે તો છત્તીસગઢ અને અરુણાચલ રાજ્યોમાં માત્ર બે-બે મતદારો માટે મતદાન મથકો સક્રિય છે. તબક્કાવાર ચૂંટણી અને પાકી દેખરેખ થકી મતદાન મથકો કબજે કરવાની (બૂથ કૅપ્ચરિંગની) અને બોગસ મતદાનની ઘટનાઓ પર પૂર્ણવિરામ મુકાયું છે તેનો યશ પંચને ખાતે જમા છે. ૨૦૧૧થી પ્રજાસત્તાક દિનના પૂર્વ દિનને એટલે કે ૨૫ જાન્યુઆરીને 'રાષ્ટ્રીય મતદાર દિવસ' ઘોષિત કરીને ભારતીય મતદારોને સક્રિય રહેવા પ્રોત્સાહિત કરાયા છે.

૧૯૯૮–૯૯માં એમ. એસ. ગિલ ચૂંટણીપંચના મુખ્ય કમિશનર હતા ત્યારે ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીનો દાખલ કરાયાં. એથી મતદાન અને મતગણતરી સરળ બન્યાં છે. ૨૦૦૪ની સામાન્ય ચૂંટણીમાં પ્રથમ વખત ભારતભરમાં ઇવીએમથી મતદાન થયું. અમેરિકાએ ૧૮૯૨માં પ્રથમ ન્યૂયૉર્ક નજીક લોકપોર્ટની સ્થાનિક ચૂંટણીમાં ઇવીએમનો સૌપ્રથમ પ્રયોગ કર્યો હતો. તે પછી તેનો આટલો વ્યાપક સ્તરે થયેલો ઉપયોગ ઐતિહાસિક ઘટના બની રહ્યો છે. બૅંગાલુરુની ભારત ઇલેક્ટ્રૉનિક્સ અને હૈદરાબાદની ઇલેક્ટ્રૉનિક્સ કૉર્પોરેશન ઑવ્ ઇન્ડિયા – આ બે સરકારી કંપનીઓ ઇવીએમનું મોટા પાયે ઉત્પાદન કરે છે. નેપાળ, ભૂતાન, કેન્યા, નામિબિયા જેવા દેશોમાં તેની મોટી માંગ છે. ઇવીએમ નિકાસ અંગે ભારતનું નામ છે. આ અંગે નોંધપાત્ર હકીકત એ છે કે ૨૦૦૯ની સામાન્ય ચૂંટણીમાં સમગ્ર ભારતમાં ૧૩,૬૮,૪૩૦ ઇવીએમ મશીનો કામે લગાડવામાં આવ્યાં હતાં. ઇવીએમને કારણે છેલ્લી બે સામાન્ય ચૂંટણીઓ દરમિયાન ૧૦,૦૦૦ ટન કાગળનો બચાવ કરી શકાયો છે.

વિશેષ નોંધપાત્ર બાબત એ છે કે ઇવીએમ થકી 'નોટા'(NOTA – નન ઑવ્ ધી અબાવ)નો વિકલ્પ સુલભ બનતાં મતદાર ચૂંટણી ઉમેદવારો પ્રત્યે તેનો અણગમો પ્રકટ

કરી શકશે. ૨૦૧૪માં સૌપ્રથમ વાર આ માર્ગ ઉપલબ્ધ થતાં મતદારો રાજકીય પક્ષોને જરૂરી પાઠ શીખવવા સક્ષમ બન્યા છે. એક માતબર અને અસરકારક સાધન મતદારોને સુલભ બન્યું છે. રાજકારણીઓની સાન ઠેકાણે લાવવામાં 'નોટા' તરકીબ સબળ હથિયાર બનવાની વ્યાપક ક્ષમતા ધરાવે છે. ભવિષ્યમાં મતદાનના ક્ષેત્રે તે ક્રાંતિકારી પગલું બની રહેવાની ગુંજાઇશ ધરાવે છે. ૧૯૫૨ની પ્રથમ ચૂંટણીના પ્રથમ મતદાતા અને તમામ સામાન્ય ચૂંટણીઓમાં મતદાન કરતા હિમાચલ પ્રદેશના કિન્નોર જિલ્લાના કલ્પા ગામના વતની વયોવૃદ્ધ શ્યામશરણ નેગી જેવા મતદારો 'નોટા'ની વ્યવસ્થા સાથે સંમત નથી.

ચૂંટણીપંચની વિવિધ રેકોર્ડ્સ જાળવવાની પદ્ધતિ બેનમૂન લેખાય છે. તેને જોવા, જાણવા, સમજવા અને વ્યવહારમાં ઉતારવા વિશ્વના દેશોનાં પ્રતિનિધિમંડળો અવાર-નવાર ભારતની મુલાકાતે આવે છે. કુરેશી જેવા ચૂંટણી-કમિશનર 'ચૂંટણીને ભ્રષ્ટાચારના મહાસ્રોત' તરીકે ઓળખાવે છતાં વિવાદોથી પર પણ રહી શકે છે. મુખ્ય પ્રધાનોની રાજકીય દાદાગીરીને અંકુશમાં લેવાની ક્ષમતા પંચ ધરાવે છે. પંચ તેની સ્વચ્છ કામગીરી સાથે કડકાઈ રાખી જબરી ધાક ઊભી કરી શક્યું છે. ભારાડી રાજકારણીઓ અને સર્વોચ્ચ સત્તા સુધીની વગ ધરાવનારા પંચથી ડરીને, દૂર રહીને વાજબી માર્ગે કામ કરવા સક્રિય હોય છે. ૫૦,૦૦૦થી વધુ રોકડ રકમની હેર-ફેર નિયમાનુસાર જ શક્ય છે. અન્યથા નહીં. આ બાબતે પંચની ઊંચી જાગૃતિ પ્રશંસનીય છે. ઉમેદવારના ચૂંટણીખર્ચની મર્યાદા ૪૦ લાખમાંથી ૭૦ લાખની કરીને પંચે ગેરકાનૂની માર્ગોનો આશરો લેવાની વૃત્તિ પર અંકુશ મૂક્યો છે. આથી જ અફઘાનિસ્તાનથી અમેરિકા સુધીના દેશો ભારતના ચૂંટણીપંચની સેવાઓ લેવા ઉત્સુક હોય છે.

નિષ્પક્ષ, તટસ્થ, સ્વચ્છ અને વિશિષ્ટ શક્તિશાળી સંસ્થા તરીકે શંકાથી પર એવી બેનમૂન કાર્યવાહી દ્વારા પંચ અનન્ય સંસ્થા બન્યું છે. વિદેશી માધ્યમો પંચની સફળ કામગીરીનાં ઓવારણાં લે છે. ૨૦૧૪ના એપ્રિલના છેલ્લા સપ્તાહમાં બ્રિટનના 'ધ ઇકૉનૉમિસ્ટે' આ પ્રશસ્ય કામગીરીની નોંધ લીધી છે. અલબત્ત પંચે 'રોડ શો' જેવા પ્રચાર નુસખાને અંકુશમાં લેવાના બાકી છે. બેવજૂદ આક્ષેપોની ઉછાળાબાજી લોકશાહીની ગરિમાને લાભ કરતાં વધુ નુકસાન કરી રહી છે. પંચ ઉમેદવારને સીધી રીતે સજા કરી શકે નહીં તેવી મર્યાદા છતાં પંચની અસરકારક અને જાગ્રત ભૂમિકાનો ઇન્કાર થઈ શકે તેમ નથી. સૌથી અગત્યની વાત એ છે કે ચૂંટણીનો આ મહાયજ્ઞ લોકશાહીને પરિપક્વતાની દિશામાં લઈ જઈ રહ્યો છે. નિષ્ઠાવાન અને કામને સમર્પિત ચૂંટણીપંચ લોકશાહીના સંદર્ભે જાનદાર-શાનદાર કામગીરી બજાવી રહ્યું છે એ વિશે ભાગ્યે જ કોઈ શંકા રહે છે.

**– રક્ષા મ. વ્યાસ**





# આધુનિક પરંપરાના મહાકવિ



રવીન્દ્રનાથ જગતના એક માત્ર કવિ હશે જેમની બે ગીતરચનાઓ બે રાષ્ટ્રના કરોડો લોકો દરરોજ રાષ્ટ્રગીત તરીકે ગર્વ અને ગૌરવથી ગાતા હશે. એ રીતે ભારત અને બાંગ્લાદેશની પ્રજાના એ દિલના કવિ છે. એક તરફ એમના સાહિત્યએ 'વિશ્વમાનવ'ની ભૂમિકા રચી તો બીજી તરફ એમના સાહિત્યનું કેન્દ્રબિંદુ 'જીવનદેવતા' રહ્યું. એમની સર્જનાત્મકતાની ધરી આપણી ઉપનિષદીય પરંપરામાં ઢળેલી રહીને એ પશ્ચિમી તત્ત્વદર્શનને પણ પ્રમાણે છે. એમણે બે હજાર ચિત્રો દોર્યાં અને એટલી જ ગીતરચનાઓનું સ્વરાંકન પણ કર્યું. ઉત્તમ અને વિપુલ સાહિત્યના આ રચયિતા મહાકવિ એટલે જ આધુનિક પરંપરાના શિલ્પી લાગે છે.

શાંતિનિકેતનમાં સિત્તેરમા જન્મોત્સવ વખતે રવીન્દ્રનાથે પોતાનો આત્મ-પરિચય આપતાં કહેલું : *'એકટિમાત્ર પરિચય આમાર આછે, સે આર કિછુ નય, આમિ કવિમાત્ર... આમિ તત્ત્વજ્ઞાની, શાસ્ત્રજ્ઞાની, ગુરુ વા નેતા નઈ... આમિ વિચિત્રેર દૂત... વિચિત્રેર લીલાકે અંતરે ગ્રહણ ક'રે તાકે બાઈ રે લીલાયિત કરાઈએ અમાર કાજ.'* (એક જ મારો પરિચય છે. તે બીજો કશો નથી. હું માત્ર કવિ છું... હું તત્ત્વજ્ઞાની, શાસ્ત્રજ્ઞાની, ગુરુ કે નેતા નથી... હું સુંદરનો દૂત છું... સુંદરની લીલાને હૃદયમાં ગ્રહણ કરીને એને બહાર લીલાયિત કરવી – એ છે મારું કામ) 'પંથા' નામના એક કાવ્યમાં એ જ વાત કહે છે :

*સુધાઓ ના મોરે મુક્તિ કોથ, મુક્તિ કારેવ કઈ,*
*આમિ તો સાધક નઈ, આમિ ગુરુ નઈ,*
*આમિ કવિ, આછિ ધરણીર અતિ કાછાકાછિ,*
*એ પારેર ખેયાર ઘાટાય.*

(-મને પૂછશો ના કે મુક્તિ ક્યાં છે, મુક્તિ કોને કહું છું. હું તો સાધક નથી, નથી હું ગુરુ, હું છું કવિ. હું છું ધરતીની અતિશય નિકટ – આ પારના નૌકાઘાટે)

રવીન્દ્રનાથ મહાકવિ ઉપરાંત નવલકથાકાર, વાર્તાકાર, ગીતકાર, સ્વરકાર, બાળસાહિત્યકાર, નિબંધકાર, નાટ્યકાર, નટ અને ચિત્રકાર હતા. જગતના આ શ્રેષ્ઠ ઊર્મિકવિએ ત્રણ હજાર ગીતો અને એક હજાર ઊર્મિ-કાવ્યો સહિત ચાર હજારથી વધુ કાવ્યોની રચના કરી છે. રવીન્દ્રનાથ ગીતાંજલિ દ્વારા જગતભરમાં છવાઈ ગયા. એમના

આ પ્રથમ અનૂદિત કાવ્યસંગ્રહને 1913નો નોબેલ પુરસ્કાર મળ્યો. ભારતની મૂડી, જગતે જાણી એટલું જ નહીં, એથી સમગ્ર વિશ્વનું ધ્યાન ભારત તરફ ગયું. સૌંદર્યના કવિ રવીન્દ્રનાથને મન કલા અને જીવન અલગ નથી. એમની સૌંદર્યઉપાસના જીવનના આવિર્ભાવરૂપ હતી. એમનાં કાવ્યોમાં મનુષ્યસંવેદના, શબ્દ-ચિત્ર અને સંગીતના લયનો ત્રિવેણી સંગમ છે. પ્રકૃતિ-પ્રિય કવિ જાણે કાલિદાસના કુળના લાગે છે. એમનાં કાવ્યોમાં વૈષ્ણવ કવિતા, બાઉલ કીર્તન અને સૂફીઓના ગૂઢવાદનો પ્રભાવ જોવા મળે છે. પંદર વર્ષની ઉંમરે પ્રથમ કાવ્યસંગ્રહ આપનાર આ કવિએ પચાસથી અધિક કાવ્યસંગ્રહમાં વિપુલ પ્રમાણમાં ઊર્મિકાવ્યો રચ્યાં છે.

વિવિધ વિષયવસ્તુઓ અને કાવ્ય-સ્વરૂપોની વિવિધતા પણ એમની કાવ્યસૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. એમનાં અનેક કાવ્યોમાં તળ સમાજનાં વિવિધ પાસાંઓનું કલાત્મક નિરૂપણ જોવા મળે છે. બહુજન સમાજની આ ઓળખ પ્રથમ વાર રવીન્દ્રનાથનાં કાવ્યોમાં પ્રખર રીતે આવે છે. એમની કાવ્યસૃષ્ટિમાં એક તરફ પ્રાચીન ભારતનો સમૃદ્ધ વારસો જોવા મળે છે તો બીજી તરફ અર્વાચીન સમાજની બૌદ્ધિકતા પણ જોવા મળે છે. સૌંદર્યથી શાંતિ સુધીની યાત્રાના આ કવિ ભારતીય સંવેદનાનું સક્ષમ અને ઊજળું પાસું છે. રવીન્દ્રનાથ ટાગોરે કવિતા દ્વારા વિશ્વમાનવની ભૂમિકા દૃઢ કરી.

રવીન્દ્રનાથને ઘરમાં જ વૈષ્ણવ પરંપરાનું ધાર્મિક વાતાવરણ મળેલું. એ મુખ્યત્વે સૌંદર્યના ઉપાસક રહ્યા. એમનાં ગીતો બંગાળના ઘેર-ઘેર ગવાતાં રહ્યાં. એમનું જીવન સક્રિય રહ્યું અને સમગ્ર વિશ્વમાં એ પ્રવાસ કરતા રહ્યા. એમનાં કાવ્યોમાં સૌંદર્ય દ્વારા મનુષ્યત્વનો મહિમા છે. ટાગોરના સાહિત્યમાં સૌંદર્ય અને સંવાદિતાની સ્થાપના છે.

રવીન્દ્રનાથે ટૂંકી વાર્તા, નવલકથા, નાટક, બાળસાહિત્ય, નિબંધ, ચિંતનાત્મક લખાણોમાં ખેડાણ કર્યું છે. રવીન્દ્રનાથે હાસ્ય-સાહિત્ય સર્જ્યું છે. હાસ્યરસને કેન્દ્રમાં રાખીને એમણે નાટકો અને નવલકથાની રચના કરી છે. રવીન્દ્રનાથના હાસ્ય-ગ્રંથોનો લોકોએ ખૂબ સ્વીકાર કર્યો છે. 'હાસ્યકૌતુક-વ્યંગકૌતુક' નામનું પુસ્તક ખૂબ જાણીતું છે.

1917માં રવીન્દ્રનાથનું પુસ્તક 'Nationalism' પ્રગટ થયું. એમાં એમણે વ્યક્ત કરેલો અભિગમ સંકુચિત રાષ્ટ્રવાદને બદલે વિશ્વમાનવની વિશાળ ભૂમિકા આપે છે. એમણે 'ઘરે-બાહિરે' નામની રાજકીય નવલકથા પણ સર્જી. મૂલ્યનિષ્ઠાની એરણ પર એ સંકુચિત રાષ્ટ્રવાદને કસોટીએ ચડાવે છે. એમને વિશ્વમાનવ અને વૈશ્વિક ચેતનાથી ઓછું કશું જ ખપતું ન હતું. એ પશ્ચિમ પાસેથી ઘણું શીખવાનું કહેતા પણ પૂર્વની પરંપરાનો મોટો મહિમા કરતા.



દીવાલો વગરનું શિક્ષણ, સંવાદિતામય જીવન અને માતૃભાષાની અનિવાર્યતા માટે ટાગોરની પાકી નિસબત હતી. ગાંધીજી 1915માં દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે રવીન્દ્રનાથે શાંતિનિકેતનમાં સૌ કોઈને વિસામો આપવા માટે તૈયારી દર્શાવી હતી. જો કે ગાંધીજીએ પણ ટાગોર ન હતા ત્યારે પણ શાંતિનિકેતન માટે ઉત્તરદાયિત્વ નિભાવ્યું હતું. ગાંધીજી અને ટાગોરનો સંબંધ ખૂબ ગાઢ હતો. ટાગોરે સાબરમતી આશ્રમની ત્રણેક વાર મુલાકાત લીધી હતી. ગાંધીજીએ પણ શાંતિનિકેતનની ઘણી મુલાકાત લીધી હતી. બંને એકબીજાને પુરસ્કારતા અને આદર આપતા. જોકે ટાગોરની સૌંદર્યવિભાવના ગાંધીજીને તરત સ્પર્શતી નહીં અને રવીન્દ્રનાથ એ વાતે ગાંધીજી સાથે સહમત થતા નહીં.

1934માં બિહારમાં મોટો વિનાશક ધરતીકંપ થયો. ગાંધીજીએ ધરતીકંપને અસ્પૃશ્યતાના પાપની સજારૂપ ગણાવ્યો. આ નિવેદનની જાણ થતાં રવીન્દ્રનાથે તરત જ 'હરિજન' અને 'હરિજનબંધુ'માં એક નિવેદન છપાવ્યું અને ગાંધીજીની આ વાતને સખેદ આશ્ચર્ય અને અશાસ્ત્રીય દૃષ્ટિરૂપ લેખે ગણાવી અને સ્પષ્ટ વિરોધ કર્યો. વહેમ સામે શ્રદ્ધાના આ સંબંધો ઐતિહાસિક છે પણ બંને મહાનુભાવનો એકબીજા માટેનો પ્રેમ અને લાગણી અકબંધ રહેલાં. આ ઉપરાંત કવિના, સ્વદેશી ચળવળમાં વિદેશી કપડાંની હોળી સામે કે ગર્ભનિરોધક સાધનોના વપરાશ અંગેના ગાંધીના વિચારો અને અસહકારના આંદોલન અંગેના વિચારભેદ જાહેર હતા. જોકે બંને બિહાર ધરતીકંપના અને બીજા મતભેદો વિશેષના પોતાના વલણને વળગી રહ્યા હતા. ગાંધીજી રવીન્દ્રનાથ ટાગોરને ગુરુદેવ કહેતા અને ટાગોર ગાંધીજીને મહાત્માજી કહેતા.

રવીન્દ્રનાથે 17 વર્ષની વયે અમદાવાદની પ્રથમ મુલાકાત લીધી હતી. એમના વચેટ ભાઈ સત્યેન્દ્રનાથ (1878માં) અમદાવાદના ન્યાયાધીશ હતા. શાહીબાગના મહેલમાં (અત્યારે સરદાર સ્મારક) એ રહેલા. ચાંદનીમાં, સાબરમતી કિનારાના એ મસમોટા મહેલમાં આંટા મારતા ત્યારે પ્રથમ સ્વરાંકન (રવીન્દ્ર સંગીતનું) સ્ફુર્યું હતું. 'ક્ષુધિત પાષાણ' નામની પ્રખ્યાત વાર્તાનું સ્થળ પણ આ જ રહ્યું. બીજી વાર ટાગોર 1920માં છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદમાં ગાંધીજીના / પરિષદના આમંત્રણથી ઉપસ્થિત રહેલા. Construction Versus Creation નામનું વ્યાખ્યાન આપેલું. ત્યારબાદ 1922માં અંબાલાલ સારાભાઈની મુલાકાતે આવેલા. 1923માં ગુજરાતી સાહિત્ય સભાના આમંત્રણથી પણ પધારેલા. 1927માં અને 1930માં સાબરમતી આશ્રમની મુલાકાતે આવેલા, જ્યારે ગાંધીજી જેલમાં હતા. ટાગોરે અનેક વાર ગુજરાતની મુલાકાત લીધી હતી. શાંતિનિકેતનનો ગાઢ પ્રભાવ અનેક ગુજરાતી લેખકો-કલાકારો પર રહ્યો હતો.

*'કત અજાનારે જાનાઈલે તુમિ, કત ઘરે દિલે ઠાંઈ' (તેં કેટલાંય અજાણ્યાંને ઓળખાવ્યાં, તેં કેટલાંય ઘરમાં મને આશ્રય આપ્યો) કહેતા કવિ રવીન્દ્રનાથ ટાગોરને મન સમગ્ર સૃષ્ટિમાં ખરે જ કશું પારકું નથી. પ્રકૃતિ અને પ્રાણ(સ્વ) વચ્ચે વિહરતી એમની કવિતાઓમાં રમણીયતાની અને સહજતાની અનન્ય અભિવ્યક્તિ છે. મનુષ્યમાત્રમાં શ્રદ્ધા ધરાવતા રવીન્દ્રનાથમાં કાલિદાસ આદિની કાવ્ય-પરંપરાનું મૂળ પણ જોવા મળે છે. રવીન્દ્રનાથનો ધર્મ એ કવિ ધર્મ હતો. એ માનવધર્મ હતો. રવીન્દ્રનાથે 1930માં એમનાં 'The Religion of Man' વ્યાખ્યાનોમાં કહ્યું છે, 'મારો ધર્મ એ કવિનો ધર્મ છે. હું જ્ઞાનમાં નહીં, દર્શનમાં એનો અનુભવ કરું છું.'*

'મારી કવિતા મારા સાચા સ્વરૂપનો સાક્ષાત્કાર છે', કહેતા રવીન્દ્રનાથ 1912માં વિલિયમને લખેલા એક પત્રમાં પોતાની કવિતા વિશે લખે છે :

'These poems of mine are very different from other literary productions of the kind. They are revelations of my true self to me. The literary man was a mere amanuensis-very often knowing nothing of the true meaning of what he was writing...'

રવીન્દ્રનાથના શબ્દ અને સૂર એક ઉચ્ચ કક્ષાનો આવિર્ભાવ જ છે. એમનું કાવ્યસર્જન અનન્ય ચેતનાસભર અને તપોમયતાની ફલશ્રુતિ સમાન લાગતું હોય છે. એક એક ગીતમાં એ કહે છે :

*પ્રતિદિન તવ ગાથા ગાબ આમિ સુમધુર-*
*તુમિ દેહો મોરે કથા, તુમિ દેહો મોરે સૂર.*

(દરરોજ હું તારી સુમધુર ગાથા ગાઈશ. તું મને શબ્દ આપજે; તું મને સૂર આપજે.)

આજે સો વર્ષ પછીયે કવિના આ શબ્દ અને સૂર એટલી જ સુમધુરતાથી આપણને સતત ઝંકૃત કરતા રહ્યા છે.

**– રાજેન્દ્ર પટેલ**

## વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❐





# મંગળ પર વસવાટની પૃથ્વી પર તૈયારી

પૃથ્વી પરના કોઈ અજાણ્યા, વેરાન, દૂરસુદૂર ખૂણામાં સંશોધકોનાં ટોળાંઓ મંગળ પર જીવન જીવવાની તાલીમ લઈ રહ્યા છે. મંગળના ગ્રહ પર એકમાર્ગી પ્રવાસના દિવસો નજીક આવતા જાય છે તેમ તેમ આ તૈયારી જોર પકડતી જાય છે. ખાનગી કંપનીઓનું આ સાહસ છે જેમાં પરત નહીં આવી શકવાની શરતે મંગળના પ્રવાસીઓ પસંદ થયા છે.

૧૪૦ જેટલા દેશોના ૨૦,૦૦૦ લોકોએ આ એકમાર્ગી પ્રવાસ માટે અરજી કરી છે. આ એકમાર્ગી પ્રવાસની ટિકિટ માટે હોલૅન્ડ'ઝ માર્સ વન ટેલિવિઝન પ્રોજેક્ટને અરજી કરી છે. તે પ્રવાસનું આયોજન કરનારા હવે બે વર્ષની પસંદગીપ્રક્રિયા શરૂ કરી રહ્યા છે.

૨૦૧૩ના ડિસેમ્બરમાં 'માર્સ વન' કંપનીએ જાહેર કર્યું કે તે મંગળ પ્રતિ માનવરહિત યાન અને સંચાર ઉપગ્રહ મોકલશે તે મંગળ પર ૨૦૧૮ના પહોંચશે. તે પછી મંગળ પ્રતિ સમાનવ યાનો ૨૦૨૪થી મોકલવા લાગશે. દર બે વર્ષે ચાર ચાર મજબૂત અવકાશયાત્રીઓ મોકલશે.

પરંતુ 'માર્સ વન'ને અરજી કરનારાએ પોતાને આ પરિસ્થિતિમાં મુકાવા અંગે કોઈ વિચાર કરેલ છે ? તેઓ પોતાની જિંદગી અતિશય ઠંડીમાં પસાર કરવાના છે, તે રેડિયેશનનો માર ખાતા અને ધૂળથી વીંટળાયેલ જગત છે. તે ઘરથી સરેરાશ ૨૨ કરોડ પચાસ લાખ કિલોમીટર દૂર છે. કોઈ રક્ષણવિહીન બહારની દુનિયામાં ખુલ્લાં પડતાં, તમારું લોહી ઊકળવા માંડે અને સપાટીની ધૂળ સાથે સહેજ સંપર્ક રાસાયણિક દાઝ કરે.

પરંતુ લૉંચિંગ થયા પહેલાં પ્રવાસી કઈ પરિસ્થિતિનો સામનો કરવો પડશે તે જાણી શકશે. આ આખું વર્ષ પૃથ્વી પર ડ્રેસરિહર્સલ માટે આકાર લઈ રહ્યું છે. આ આખું વર્ષ અવકાશયાત્રીઓની ટુકડીઓ એક પછી એક અમેરિકાના ઉટાહના રણપ્રદેશમાં રહેશે. તે પ્રદેશ મંગળના પર્યાવરણને મળતો આવતો વેરાન પ્રદેશ છે. ઑગસ્ટ, ૨૦૧૪ પછી છ યાત્રીઓ બાર મહિના સુધી મંગળયાત્રાનો ભ્રામક અનુભવ ઉત્તર કૅનેડામાં આર્ક્‌ટિકની થિજાવી નાખતી ઠંડીમાં લેશે.

મંગળના રાતા ગ્રહનું વૈજ્ઞાનિક ખેંચાણ સંશોધકોને આ પૃથ્વીના સૌથી વેરાન ઠંડા ખૂણામાં ખેંચી રહ્યું છે. તેઓ જાણે કે મંગળ પર મહેનત કરતા હોય તેમ મોડ્યૂલમાં પુરાઈને રહે છે. તેની ઊર્જાની જરૂરિયાત, ખોરાક અને પાણીનું રૅશનિંગ હોય છે. બહાર પગ મૂકતાં પહેલાં સ્પેસસ્યૂટ પહેરી લેવો પડે છે અને 'ઍરલોક'માંથી પસાર થવાનું અનુકરણ કરવું પડે છે. બહારના જગત સાથે રેડિયોથી વાતચીત કરવામાં પણ ૨૦ મિનિટનો વિલંબ થાય છે. તમે સંદેશો મોકલો તેનો જવાબ ૨૦ મિનિટ પછી મળે.

યુનિવર્સિટી ઑવ્ બ્રિસ્ટોલનો પીએચ.ડી.નો એરોસ્પેસ વિદ્યાર્થી આશ્લે ડેલ ૨૦૧૧માં બે અઠવાડિયાં માર્સ ડેઝર્ટ રિસર્ચ સેન્ટર કે જે પશ્ચિમ ઉટાહમાં આવેલ છે ત્યાં અનુરૂપ સ્યૂટ પહેરીને રહ્યો હતો ત્યારે તેને પોતે સાવ અલગ પડી ગયો હોય તેમ લાગેલું. હાથનાં મોજાં કદમાં બહુ મોટાં હતાં. હવાના સર્ક્યુલેશન માટેની પ્રણાલી હતી. તમે રેડિયો સિવાય કોઈ વાતચીત સાંભળી શકો નહીં. ઊંચાઈ તમારા હૃદયના તંત્ર પર તણાવ લાગુ પાડે છે. તમારો સ્યૂટ ૧૦ કિલોગ્રામથી વધારે વજનદાર હોય છે. હેલ્મેટના કારણે તમારું દૃષ્ટિક્ષેત્ર મર્યાદિત થઈ જાય છે. સામાન્યતઃ તમને એ ખબર નથી કે તમારા પગ જોવાથી તમને ચાલવામાં કેવી રીતે મદદ મળે છે.

વાહન બહારની પ્રવૃત્તિ (Extra Vehiculer Activity) દરમિયાન આશ્લે અને તેના સાથીદારોને પાછળથી ડરામણી ચીસ સંભળાય છે. તે એકદમ ઝડપથી પાછા ચાલ્યા ગયા. તેમણે પ્રમાણભૂત પુનઃદબાણનો શિરસ્તો જાળવી રાખતો હતો. તેમને ખબર ન હતી કે એ કોઈ પ્રકારની કસોટી હતી.

જાન્યુઆરીમાં આશ્લે ઉટાહ મથક પર એક પખવાડિયા માટે પાછો ફર્યો. તેની યુકેના અવકાશયાત્રીની ટીમને લઈને પાછો ફર્યો. તેની યોજના નવા સ્યૂટની અજમાયશ કરવાની હતી. તેમાં હવાનો પુરવઠો અંદર જ હતો. કૅનેડિયન સ્પેસ એજન્સીનું આર્ટેમિસ જુનિયર રોવર કે જે લ્યૂનર એક્સ્પ્લોરરનું પ્રોટોટાઇપ છે તે બધાની અજમાયશ કરી હતી. ધી યુનિવર્સિટી ઑફ બ્રિસ્ટોલે હાથનાં મોજાંની નવી ડિઝાઇન પણ બનાવી છે. તેમાં બહારની માહિતીનો ઉપયોગ કરનાર આંગળીઓનાં ટેરવાં(Finger tips)થી અલ્ટ્રાસોનિક સ્પંદનો દ્વારા દાખલ કરવામાં આવે છે. એવી આશા છે કે અવકાશયાત્રીને તેની આસપાસના પર્યાવરણથી જાગ્રત રાખશે અને સાથે સાથે ઓજારો પકડવા જેવા મેન્યુઅલ કાર્યમાં મદદ થશે. ૧૯૯૧માં એરિઝોનામાં કરવામાં આવેલ 'બાયોસ્ફિયર–૨' પ્રયોગમાં બે વર્ષ માટે આઠ 'બાયૉનેટ્સ' પૂરી દેવામાં આવ્યા હતા. તેઓ પોતાનો ખોરાક ઉગાડતા અને પોતાનો ઑક્સિજન પેદા કરતા હતા. આ અનુભવી બાયૉનેટ્સ હવે 'માર્સ વન'ને લાઇફ સપોર્ટ ટૅક્નૉલૉજી વિશે સલાહ આપી રહ્યા છે.

ગ્રહો જેવા પૃથ્વી પરના વિસ્તારમાં વૈજ્ઞાનિકો રસ લઈ રહ્યા છે. ટ્યુનિસિયા અને સાઇબિરિયાના ગ્રહોને મળતાં આવતાં સ્થાનોનો અભ્યાસ થઈ રહ્યો છે. હવે માત્ર ભૂસ્તરનો અભ્યાસ કરવાનો નથી, પરંતુ ઍસ્ટ્રોબાયૉલૉજીનો અભ્યાસ કરવાનો છે. આત્યંતિક પર્યાવરણમાં જીવનનો અભ્યાસ કરવામાં આવે છે.

આ વર્ષે નવો માર્સ બેઇઝ સ્થાપિત થતો જોવામાં આવ્યો તે પૃથ્વી પર સ્થાપિત થયો હતો. તેનું નામ 'હવાઈ સ્પેસ એક્સ્પ્લોરેશન એનેલોગ ઍન્ડ સિમ્યુલેશન' (H1–SEAS) છે. તે મૌના લોઆના જ્વાળામુખી ઢાળ પર છે. શરૂઆતમાં ચાર મહિના ત્યાં આઠ લોકો રહ્યા. તેમણે ઘણા પ્રયોગો કર્યા. તેમાં ખોરાકને તાજો રાખવો અને યાત્રીઓની સારી તંદુરસ્તીની તૈયારી આવે છે. એન્ટિમાઇક્રોબિયલ (સૂક્ષ્મજીવોવિરોધી) કપડાંનું મૉડલિંગ કરવું. એક વ્યક્તિ ધોયા વિનાનું એક જ ટી-શર્ટ આખા સમયગાળા દરમિયાન પહેરે તેવાં કપડાંનું મૉડલિંગ કરવું.

સ્યૂટ સાથે દરેક પ્રકારની સમસ્યાઓ થતી હોય છે એ આપણે ધાર્યા નથી હોતા. કમ્પ્યૂટરનો ઉપયોગ કરવો. હાથ મોજાં સાથે કી દબાવતાં તે મોજાં આ કદ જેટલાં મોટાં હોય છે કે એકસાથે ચાર કી દબાઈ જાય. તેમણે સખત મહેનત કરવાની હોય છે. વહેલી સવારે પાંચથી છ વાગ્યે કામ કરવાનું હોય છે. સાંજ આરામ માટે હોય છે. સાંજનું ડિનર બધા સાથે લે છે. મોટે ભાગે જમ્યા પછી ફિલ્મ જુએ છે. રાતના કેમ્પમાં તેઓ યુરોપિયન સ્પેસ એજન્સીના હાર્ડવેરનું મૂલ્યાંકન કરે છે. તેમાં હંગેરિયન લ્યુનર રોવર, પ્રોટોટાઇપ પ્લેનેટરી લેન્ડર અને હવામાન મથક, નવા પ્રકારનો સ્યૂટ ઔડા-એક્સ (AOUDA-X) ચકાસવામાં આવે છે. એપોલોયાનમાં ચંદ્ર પર પહોંચેલા યાત્રીઓએ જે સાધનો ચંદ્ર પર ગોઠવેલાં અને પ્રયોગો કરેલા તે પ્રયોગો મંગળના ભૂસ્તર માટે કરવા નકલી પ્રયોગો કરવામાં આવે છે.

**– વિહારી છાયા**

---

**(પંદરમા પાનાનું ચાલુ)**

*હજીએ ધબકે છે ક્યાંક*
*લક્ષ્મણની એ રેખા*
*રાવણો પણ જ્યાંથી*
*બીતા બીતા નીકળે.*

પૂજ્ય મોરારીબાપુએ યથાર્થ કહ્યું છે કે ''સમાજને સાદ પાડીને અનેક રીતે પ્રેરણા'' આપનાર કવિ 'દાદ' ને સમાજે દાદ આપવી જોઈએ. આ વાત સાચી પણ પડી છે. ગુજરાત તથા ગુજરાત બહાર વસતા અનેક ગુજરાતી ચાહકોએ કવિ દાદનાં સર્જનો ભરપૂર રીતે માણ્યાં છે. કવિ દાદની રચનાઓને ચારે દિશાએથી ભરપૂર દાદ મળી છે. આવનાર વર્ષોમાં પણ કવિની પાવક વાણી નિરંતર પ્રવાહની જેમ વહેતી રહે તથા ભાવકોને ભીંજવતી રહે તેવી શ્રદ્ધા જરૂર રાખી શકાય.

**– વી. એસ. ગઢવી**

*(શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાનવિજ્ઞાન વ્યાખ્યાન-શ્રેણી અન્વયે આપેલા વ્યાખ્યાનમાંથી)*

# કવિ દાદની સર્જનયાત્રા

વિશ્વકોશમાં કવિ દાદની સર્જનયાત્રા વિશે સાહિત્યમાં રુચિ અને સૂઝ ધરાવતાં મિત્રો-સ્નેહીઓ સાથે વાત કરવાનું થયું. કવિ શ્રી હરીન્દ્ર દવેએ કહ્યું છે તેમ કવિ કાગ પછી કવિ દાદ ચારણી પરંપરાને આગળ વધારનારા-ઉજાળનારા કવિ છે. કવિનાં સર્જનો અનેક સુપ્રસિદ્ધ કલાકારોના કંઠેથી સતત વહેતાં રહ્યાં છે. દાદની રચનાઓ તેના સરળ તથા પ્રવાહી કાવ્યતત્ત્વ તેમજ ગેય હોવાથી તેની રજૂઆત પણ ચિત્ત- આકર્ષક રહી છે. ઉપરાંત કવિ દાદ પોતે પણ માતા સરસ્વતીની કૃપાથી સુંદર રચનાઓનું નિજાનંદે સર્જન કરવા ઉપરાંત મીઠા કંઠે તેની ધારદાર રજૂઆત પણ કરી શકે છે. કવિ શ્રી કાગ (ભગતબાપુ) પછી આ ઉભય કળાઓ તેમને વરી છે. કવિ દાદની શાખ (અટક) મીસણ છે. આ શાખામાં સોલંકી યુગના ખ્યાતનામ કવિઓ આણંદ અને કરમાણંદ થઈ ગયા.

૧૯૬૭ના વર્ષના પવિત્ર શ્રાવણ માસની એક રસિક ઘટના કવિ શ્રી મકરંદ દવેએ આલેખી છે. સ્વામી આનંદ તે સમયે હરિદ્વારમાં પવિત્ર ગંગા નદીના સાંનિધ્યમાં હતા. સ્વામીદાદાએ સાંઈ મકરંદને એક પત્ર લખ્યો. તેમણે જણાવ્યું કે, કોઈ યાત્રિક બહેન પાસેથી તેમણે એક સુંદર કાવ્યરચના સાંભળી. શબ્દો હતા :

ટાંચોમાં ટાંકણું લઈ ભાઈ ઘડવૈયા !
*મારે ઠાકોરજી નથી થાવું.*

સ્વામીદાદા ઉમેરે છે કે કાવ્ય સુંદર છે અને તેની રચના કોઈ 'દાદલ' નામના સંતકવિએ કરી હોય તેમ કાવ્ય સાંભળતાં જણાય છે. આ રચના ગાનાર પાસે કાવ્યની પૂરી ટૅક્સ્ટ નથી અને તેના સર્જક વિશે તેમને કોઈ માહિતી પણ નથી. પછી તેઓ સાંઈ મકરંદને પ્રશ્ન કરે છે કે તમારા ધ્યાન બહાર સંતકવિ નહિ હોય. આ કવિ મધ્યયુગના કોઈ સંતકવિ છે કે કેમ તે બાબત પણ સ્વામીદાદાએ પૂછપરછ કરી. મકરંદભાઈ આ બધી વિગતોના હરતાફરતા કોશ જેવા. આથી તેઓ સ્વામીદાદાને પ્રત્યુત્તર આપતાં લખે છે કે, આ દાદલ કોઈ મધ્યયુગના સંતકવિ નથી; પરંતુ નૂતન યુગનો ચારણ કવિ છે. ભાતીગળ રંગની કવિતાઓનો સર્જક છે. આમ અનાયાસ કવિને સ્વામીદાદાના આશીર્વાદ પ્રાપ્ત થયા. સ્વામીદાદાએ જેનો ઉલ્લેખ કર્યો તે રચના ખૂબ જ લોકપ્રિય થઈ છે. ગુજરાતનાં ગામેગામ ગવાઈ છે અને શ્રોતાઓએ ઉમંગથી વધાવી છે.

*ટાંચોમાં ટાંકણું લઈ ભાઈ ઘડવૈયા !*
*મારે ઠાકોરજી નથી થાવું.*
*ઘડધિંગાણે જેના માથા સમાણે*
*એનો પાળિયો થઈને પૂજાવું ... ઘડવૈયા મારે ...*



*હોમ હવન કે જગન જાપથી*
*મારે નથી પધરાવું*
*બેટડે બાપનાં મોઢાં ન ભાળ્યાં*
*એના કુમળા હાથે ખોડાવું ... ઘડવૈયા મારે ...*
*ગોમતીજી કે ઓલ્યા જમુનાજીના*
*નીર ગંગામાં નથી નાવું*
*નમતી સાંજે કોઈ નમણી વિજોગણના*
*ટીપા આંસુડે ભીંજાવું ... ઘડવૈયા મારે ...*
*મોહ ઉપજાવે એવી મૂરતિયુંમાં*
*ચિતારા નથી ચીતરાવું.*
*રંગ કસૂંબલ ઘૂંટ્યો રદામાં*
*દાદલ ઝાઝું શું રંગાવું ? ઘડવૈયા મારે ...*

કવિનું પૂરું નામ દાદુદાન પ્રતાપદાન મીસણ (ગઢવી). વેરાવળ તાલુકાના ઈશ્વરિયા ગામે ૧૯૪૦માં કવિનો જન્મ થયો. ફોર્મલ શિક્ષણ સામાન્ય પરંતુ કવિત્વશક્તિ અસાધારણ. સાત દાયકાથી વધારે અર્થપૂર્ણ આયુષ્યમાં કવિશ્રીએ આઠ જેટલા કાવ્યસંગ્રહોની અમૂલ્ય તથા ચિરંજીવી ભેટ સમાજને ચરણે ધરી છે. છેલ્લી અડધી સદીથી પોતાના મધુર કંઠેથી સાહિત્ય તથા કાવ્યોની રસલ્હાણ પીરસે છે. કવિનું જાહેર અભિવાદન મુંબઈમાં ૧૯૯૩માં ભવ્ય રીતે કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માતુશ્રી બીરલા માતૃગૃહમાં પૂજ્ય મોરારીબાપુના અધ્યક્ષસ્થાને થયો. ગુજરાત સરકાર તરફથી પણ તેમનું સન્માન લોકકલા ક્ષેત્રનો ઍવૉર્ડ ૧૯૯૮માં આપીને કરવામાં આવ્યું. પૂજ્ય મોરારીબાપુ પ્રેરિત કવિશ્રી દુલા કાગ લોકસાહિત્ય ઍવૉર્ડ કવિશ્રીને ૨૦૦૩ના વર્ષમાં આપવામાં આવ્યો. કવિતાની અણમોલ આહુતિ આપીને કવિએ સામાજિક ચેતના પ્રગટાવવાનું યશકાર્ય કર્યું છે.

સરિતાઓને કાકાસાહેબે લોકમાતાઓ કહી છે તે યથાર્થ છે. નદીઓના કિનારે માનવજીવન પાંગર્યું છે. નદી સમાજજીવનની, સંસ્કૃતિની ધારક, પોષક તથા સંવર્ધક છે. તેનું સ્વરૂપ જ રમણીય છે. પ્રયાગના સંગમનું દર્શન કરીને માનસના રચયિતા મહાકવિ સંત તુલસીદાસજી પણ તેનું વર્ણન કરવા કલમ ઉપાડે છે.

*દેખત સ્યામલ ધવલ હલોરે*
*પુલકિ સરીર ભરત કર જોરે*

કવિ દાદનો ઉછેર ગિરની વનરાઈ ચોમાસામાં તેમજ તેમાં ખળખળ વહેતાં ઝરણાંઓ વચ્ચે થયો છે. ગિરનારના સ્વરૂપ તથા તેમાંથી પ્રગટ થતી નદીઓના મોહક સ્વરૂપે કવિ આકર્ષાયેલા છે. મેઘાણીભાઈ પણ પોતાને 'હું પહાડનું બાળક' કહીને ઓળખાવતા. આથી

ગિરની વનરાજી વચ્ચેથી રુઆબભેર વહી જતી હિરણ નદી તરફ કવિનું ધ્યાન સહજ રીતે જ જાય.

*ડુંગરથી દડતી ઘાટ ઊતરતી*
*પડતી પડતી આખડતી.*
*આવે ઊછળતી, જરા ન ડરતી*
*હરતી ફરતી મદ ઝરતી*
*કિલકારા કરતી, ડગલાં ભરતી*
*જાય ગરજતી જોરાળી*
*હિરણ હલકાળી જોબનવાળી*
*નદી રૂપાળી નખરાળી.*

ત્રિભંગી છંદમાં ગૂંથાયેલી આ રચના જ્યાં જ્યાં રજૂ થઈ છે ત્યાં ત્યાં લોકોએ તેને વખાણી છે તથા વધાવી છે.

કવિશ્રીનાં ગીતો લગભગ ૧૫ ગુજરાતી ફિલ્મોમાં લેવાયાં છે. તેમાંથી ‘કાળજા કેરો કટકો’ એ લોકપ્રિય કાવ્યને શ્રેષ્ઠ પાર્શ્વગીત પુરસ્કાર મળ્યો. સુદામા તથા કૃષ્ણની ભગવદમૈત્રીના કાવ્યને કવિ શ્રી મકરંદ દવે સહિત અનેક લોકોએ બિરદાવ્યું છે. વહાલસોયી દીકરીના કન્યાવિદાય પ્રસંગનું ગીત :

*"કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગ્યો*
*મમતા રૂએ જેમ વેળુમાં વીરડો ફૂટી ગ્યો"*

આ કાવ્ય ખૂબ જ લોકપ્રિયાતા પામેલું છે. કુંવારી કલ્પનાઓના આ કવિની સર્જનયાત્રામાં ભરપૂર વિષય-વૈવિધ્ય છે.

*શબ્દ એક શોધું ત્યાં*
*આખી સંહિતા નીકળે*
*કૂવો જ્યાં એક ખોદું ત્યાં*
*આખી સરિતા નીકળે*
*સાવ અલગ તાસીર છે*
*આ ભૂમિની*
*અહીં મહાભારત વાવો*
*અને ગીતા નીકળે*
*જનક જેવા આવીને*
*જો હજીએ હળને હાંકે*
*તો હજીએ આ ધરતીમાંથી*
*સીતા નીકળે*

**(અનુસંધાન બારમા પાને)**





## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે મે મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **પાંચ વાગ્યે** શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૨૧ મે, ૨૦૧૪, બુધવાર** : વિષય : ઉર્દૂ-ગુજરાતી કાવ્યયાત્રા
વક્તા : શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ

**૨૮ મે, ૨૦૧૪, બુધવાર** : વિષય : ગુજરાતની સોલંકીકાલીન શિલ્પ-સમૃદ્ધિ
વક્તા : શ્રી આર. ટી. સાવલિયા

## લલિતકલાકેન્દ્ર

**◈ ૩ મે ૨૦૧૪, શનિવાર, સાંજના ૫-૩૦**

કાવ્ય-સંગીત શ્રેણી અંતર્ગત ‘નીરખ ને ગગનમાં’ નરસિંહથી ન્હાનાલાલ સુધીની કાવ્યરચનાઓની સંગીતમય પ્રસ્તુતિ શ્રી અમર ભટ્ટ કરશે. આ પ્રસંગે નરસિંહથી મિસ્કીન સુધીની અંદરથી અજવાળતી કેટલીક કાવ્યકૃતિઓની સાંગીતિક પ્રસ્તુતિનું આલબમ ‘હરિને સંગે’નું વિમોચન થશે.

**◈ ૮ મે ૨૦૧૪, ગુરુવાર, સાંજના ૫-૩૦**

ગુજરાતના પ્રસિદ્ધ કલાકાર શ્રી સી. ડી. મિસ્રીનાં ચિત્રપ્રદર્શનનું ઉદ્‌ઘાટન શ્રી અમિત અંબાલાલ અને શ્રી અનિલ રેલિયા કરશે. આ પ્રસંગે શ્રી સી. ડી. મિસ્રી ‘મારી કલાયાત્રા’ વિશે સ્લાઇડ સાથે વક્તવ્ય આપશે.

## અન્ય કાર્યક્રમ

**◈ ૨૪ મે ૨૦૧૪, શનિવાર, સાંજના ૫-૩૦**

‘રંગલા’ તરીકે વિશેષ જાણીતા એવા શ્રી જયંતિ પટેલ નાટક અને ભવાઈના કલાકાર તરીકે, દિગ્દર્શક તરીકે, કટાક્ષ ચિત્રકાર તરીકે તેમજ રેડિયો, યોગ અને વિદેશના તખ્તા પર અનેક નાટકો ભજવવાનો વિશાળ અનુભવ ધરાવે છે. એમના આ વિવિધ ક્ષેત્રના અનુભવોના નિચોડ સમાન એક વ્યાખ્યાન ‘રંગલા જોડે ઉડ્ડયન’ યોજવામાં આવ્યું છે. તેમજ એ સમયે વિશ્વકોશની કલાવીથિકામાં એમના કાર્ટૂન અને રમૂજી ચિત્રોનું પ્રદર્શન રાખવામાં આવ્યું છે.

*

સૂરતમાં ઉજવાયેલા પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કારના દિવસ પ્રસંગે પૂજ્ય શ્રીમોટાએ વિશ્વકોશની રચનામાં અને એ પછી સૂરત અને નડિયાદના હરિ ૐ આશ્રમોએ ગુજરાતી વિશ્વકોશના નિર્માણકાર્યમાં આપેલા પ્રદાન વિશે શ્રી કુમારપાળ દેસાઈએ વિશાળ

→

# સાહસિક સંશોધક

જ્યૉર્જ સ્ટીફન્સને શોધેલા ખાણો માટેના સુરક્ષા લૅમ્પે અનેક ખાણિયાઓનાં જીવન બચાવ્યાં. બીજાનું જીવન બચાવવા માટે જ્યૉર્જ સ્ટીફન્સને પોતાનું જીવન હોડમાં મૂક્યું હતું. ખાણમાં કામ કરનારાઓ માટે આ સંશોધકે સુરક્ષા લૅમ્પ તૈયાર કર્યો. પછી ખાણમાં ઊતરીને જ્વલનશીલ વાયુ વચ્ચે લૅમ્પ રાખીને સ્વયં એનો પ્રયોગ કરવાનો નિરધાર કર્યો. મિત્રોએ આ સંશોધકને આવું જોખમી કામ કરવા જતા વાર્યો, પરંતુ સ્ટીફન્સન એના નિશ્ચયમાં દૃઢ રહ્યો. કોઈએ એમ કહ્યું પણ ખરું કે આ ખાણમાં ઘણો ગૅસ ભરેલો છે અને જો એ એના પ્રયોગમાં નિષ્ફળ જશે તો નિશ્ચિતપણે સળગી જઈને મૃત્યુ પામશે. ખાણ એ જ એની અંતિમ ક્ષણની અગનપથારી બનશે.

મરજીવો જ્યૉર્જ સ્ટીફન્સન લૅમ્પનું પરીક્ષણ કરવા ખાણમાં નીચે જવા લાગ્યો, ત્યારે એના બીજા સાથીઓ ખાણમાંથી પાછા આવ્યા અને સુરક્ષિત સ્થાને ઊભા રહ્યા. જ્યૉર્જ સ્ટીફન્સન ખાણની અંદર ગયો. ખૂબ નીચે પહોંચ્યો અને જ્વલનશીલ ગૅસ વચ્ચે એણે પોતાનો લૅમ્પ મૂક્યો. ધૈર્યથી પોતાના પ્રયોગના પરિણામની પ્રતીક્ષા કરવા લાગ્યો. પહેલાં તો એ લૅમ્પની જ્યોત ભડકાની માફક ખૂબ વધી ગઈ, પછી એ ભડકામાં ધીમું ધીમું કંપન શરૂ થયું અને પછી ધીરે ધીરે ક્ષીણ થઈને એ બુઝાઈ ગઈ. ખાણના ગૅસમાં કોઈ વિકૃતિ આવી નહીં કે આગ ફાટી નીકળી નહીં. જ્યૉર્જ સ્ટીફન્સનને પોતાના પ્રયોગમાં સફળતા મળી અને સફળતાની સાથોસાથ ખાણિયાઓ માટે સૌપ્રથમ સેફ્ટી લૅમ્પ સર્જનાર આ સાહસિક સંશોધકને માન મળ્યું.

---

←

જનસભાને સંબોધન કર્યું હતું. તેમજ આ પ્રસંગે હરિ ૐ આશ્રમ, સૂરતના ટ્રસ્ટી શ્રી ધીમંત ઘીવાળાને પૂજ્ય શ્રીમોટાને સમર્પિત કરેલા બાળવિશ્વકોશના ચાર ગ્રંથો અર્પણ કર્યા હતા.

પૂજ્ય શ્રીમોટાના સહુ અંતેવાસીઓએ ભવિષ્યમાં ગુજરાતી વિશ્વકોશના કાર્યમાં સહયોગ આપવાની તત્પરતા દાખવી હતી.

*

વિશ્વકોશ આર્કાઇવ્ઝ – ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એક આર્કાઇવ્ઝ ઊભું કરી રહ્યું છે. જેમાં અત્યારે ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સ્નેહમુદ્રા'ની હસ્તપ્રત, શાયર મરીઝની ડાયરી, તેમજ ચંદ્રવદન મહેતાના ઍવૉર્ડ રાખવામાં આવેલ છે. તાજેતરમાં યઝદી કરંજિયા તરફથી આર્કાઇવ્ઝ માટે ચંદ્રવદન મહેતાનાં ચશ્માં, પાકીટ અને બંડી પણ આને માટે આપવામાં આવ્યાં છે. આ આર્કાઇવ્ઝમાં ગુજરાતના પ્રસિદ્ધ લેખકોની કૃતિની એક-એક હસ્તપ્રત રાખવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.



## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

| | | કિં. રૂ. | | | કિં.રૂ. |
|---|---|---|---|---|---|
| ૧. | ગાંધીચરિત (ત્રીજી આવૃત્તિ) | ૧૨૦ | ૩૧. | વિશ્વકોશવિમર્શ | ૧૨૦ |
| ૨. | કેન્સર (ચોથી આવૃત્તિ) | ૧૫૦ | ૩૨. | ગુજરાતી ગ્રંથસૂચિ (૨૦૦૬) | ૧૫૦ |
| ૩. | નાટક દેશવિદેશમાં | ૧૩૦ | ૩૩. | ગુજરાતી ગ્રંથસૂચિ (૨૦૦૭) | ૧૫૦ |
| ૪. | ભારત : પ્રતિભા અને પરિદર્શન | ૫૦૦ | ૩૪. | વિશ્વનું શિલ્પ-સ્થાપત્ય | ૨૦૦ |
| ૫. | સિદ્ધાન્તસારનું અવલોકન | ૭૦ | ૩૫. | પૃથ્વીનો ભૂસ્તરીય ઇતિહાસ | ૧૬૦ |
| ૬. | નાટ્યતાલીમના નેપથ્યે | ૧૨૦ | ૩૬. | હિન્દી મહાસાગર | ૨૦૦ |
| ૭. | ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો | ૪૫૦ | ૩૭. | ઊર્જા | ૧૦૦ |
| | (માહિતી કોશ) (બીજી આવૃત્તિ) | | ૩૮. | વસન્ત-સૂચિ | ૨૫૦ |
| ૮. | ભૂકંપ : માહિતી અને ઘટના | ૬૦ | ૩૯. | સત્યની મુખોમુખ | ૩૦૦ |
| ૯. | વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ | ૧૦૦ | ૪૦. | સંખ્યાઓની સૃષ્ટિ | ૮૦ |
| | (બીજી આવૃત્તિ) | | ૪૧. | જ્ઞાનાંજન-૧ | ૨૦૦ |
| ૧૦. | મેઘાણીચરિત (બીજી આવૃત્તિ) | ૮૦ | ૪૨. | જ્ઞાનાંજન-૨ | ૨૫૦ |
| ૧૧. | પ્રવાસી પિરામિડનો | ૨૦ | ૪૩. | રતિ-વિરતિ | ૮૦ |
| ૧૨. | ગુજરાતી રંગભૂમિ : | ૪૫૦ | ૪૪. | કેટલાક સાહિત્યિક વિવાદો | ૨૨૦ |
| | રિદ્ધિ અને રોનક | | ૪૫. | રસાયણવિજ્ઞાનો ઇતિહાસ | ૧૨૦ |
| ૧૩. | લોકશાહી | ૬૦ | ૪૬. | સર સી. વી. રામન | ૧૬૦ |
| ૧૪. | જતીન્દ્ર-વિશેષ | ૨૦૦ | ૪૭. | સંસ્કૃતિ-સૂચિ | ૩૦૦ |
| ૧૫. | ડાયનોસૉર | ૧૦૦ | ૪૮. | સ્વાધ્યાય-વિશેષ | ૨૮૦ |
| ૧૬. | રેલવેની વિકાસગાથા | ૧૦૦ | ૪૯. | સુમતિ-સર્જન ગ્રંથાવલિ | |
| ૧૭. | જનીનવિજ્ઞાન (genetics) | ૬૦ | | ભાગ ૧ : લઘુનવલ | ૩૦૦ |
| ૧૮. | લોકવિદ્યા-પરિચય | ૧૦૦ | ૫૦. | ભાગ ૨ : નાટક | ૧૩૦ |
| ૧૯. | આપણાં રાષ્ટ્રીય પ્રતીકો | ૯૦ | ૫૧. | ભાગ ૩ : કવિતા | ૨૨૦ |
| | (બીજી આવૃત્તિ) | | ૫૨. | ભાગ ૪ : પ્રકીર્ણ | ૧૬૦ |
| ૨૦. | લિપિ | ૭૦ | ૫૩. | ગાંધીજી અને પાંચ સાક્ષરો | ૧૦૦ |
| ૨૧. | ભૂમિતિ : સ્વરૂપ અને પ્રકાર | ૮૦ | ૫૪. | કવિની ચોકી | ૨૫૦ |
| ૨૨. | તરસ્યા મલકનો મેઘ | ૧૫૦ | ૫૫. | માનવ જનીનવિજ્ઞાન | ૨૫૦ |
| ૨૩. | શબ્દનું સખ્ય | ૨૦૦ | ૫૬. | સમાજ, વ્યક્તિ અને કાયદો | ૧૬૫ |
| ૨૪. | શહીદ વિનોદ કિનારીવાલા | ૮૦ | ૫૭. | પર્યાવરણ સંહિતા | ૨૩૦ |
| ૨૫. | જાંબુડિયા રંગનું ફૂલ અને બીજાં | ૮૦ | ૫૮. | સપનાના સોદાગર | ૧૪૦ |
| ૨૬. | તળનીબોલી | ૧૩૦ | ૫૯. | હોમી જહાંગીર ભાભા | ૯૦ |
| ૨૭. | ગુજરાત (ચોથી આવૃત્તિ) | ૬૦૦ | ૬૦. | ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ | ૨૦૦ |
| ૨૮. | Gujarat | ૬૫૦ | ૬૧. | કીડી-કુંજર કરે કમાલ | ૧૨૦ |
| ૨૯. | હસ્તપ્રતવિજ્ઞાન | ૨૦૦ | ૬૨. | Miracles of Nature | ૧૨૦ |
| ૩૦. | અભિનેય નાટકો (ભાગ ૧) | ૧૫૦ | ૬૩. | મમ્મી ! તું આવી કેવી ? | ૭૦ |



શ્રી ચન્દ્રવદન મહેતાની જન્મજયંતી નિમિત્તે
શ્રી યઝદી કરંજિયા અને પરિવાર દ્વારા ભજવાયેલી સ્કીટનું એક દશ્ય



'શ્રી અરવિંદ અને ટાગોરનું કાવ્યદર્શન'
વિશે શ્રી રાજેન્દ્ર પટેલ



'પ્રશિષ્ટ કૃતિઓનાં વાચનનો આનંદ'
વિશે શ્રી સંજય ભાવે

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2012-14 issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2014

ISSN 2321 6999

દર માસની ૫મી તારીખે પ્રકાશિત


# ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી

**ગુજરાતી ભાષા, સાહિત્ય અને એની અસ્મિતાને ઉજાગર કરતી દરેક સંસ્થા, ગ્રંથાલય અને વ્યક્તિએ વસાવવા જેવી**

**૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો (‘અ’ થી ‘હ’ સુધી)માં ૧,૭૦૦ થી વધુ વિદ્વાનો અને લેખકોએ લખેલાં ૧૬૯ વિષયના ૨૩,૦૦૦થી વધુ લખાણોનો સમાવેશ.**

**સવા કરોડથી વધુ શબ્દસંખ્યા અને અદ્યતન માહિતી ધરાવતો પ્રમાણભૂત વિશાળ જ્ઞાનસંચય.**

**વિવિધરંગી વાચનસામગ્રી ધરાવતાં ગ્રંથ ૧ થી ૨૫ સુધીની**

**આ શ્રેણીની કિંમત રૂ. ૨૦,૮૦૦/- છે, જે રૂ. ૧૫,૬૦૦/- માં મળશે**



મુખ્ય વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન
ગૂર્જર એજન્સીઝ. રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ